## જન્મદિને વધામણી



પ્રકાશ એસ અચાજી
મો. ૯૯૨૪૩ ૨૩૭૦૪



જશુભાઈ એ ઓઝા
મો. ૯૪૨૬૭ ૨૨૨૬૨



ભક્તિ મોરી
મો. ૮૩૦૬૯ ૪૨૩૩૦



શંકરસિંહ ચંદુજી રાઠોડ



ક્રિશા યોગેશ રાઠોડ
મો. ૯૭૨૭૬ ૫૬૫૩૫



પ્રિશા ભરતરાજ સિતવાડિયા
મો. ૭૬૦૦૮ ૮૫૬૦૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# સર્વ વિદ્યાલય બાલમંદિરમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શ્રી વી એમ પટેલકુમાર અને શ્રીમતી એચ વી પટેલ કન્યા બાલમંદિરમાં શનિવારે સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. બાળકો કેસરી, સફેદ અને લીલા રંગનાં ટી-શર્ટ પહેરીને ધ્વજના રંગો પ્રમાણે ઊભા રહ્યાં હતાં અને ધ્વજની સુંદર આભા તેમણે ઊભી કરી હતી. શિક્ષકો પણ ધ્વજના રંગો પ્રમાણે સાડીના રંગો ધરીને આવ્યાં હતાં અને બાળકો સાથે મળીને ઉત્સાહપૂર્વક સ્વતંત્રતા દિવસની ઉજવણી કરી હતી. આ પ્રસંગે ભગિની સંસ્થાનાં આચાર્ય સુધાબેન પટેલ, દિપાલીબેન જોષીએ ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યાં હતાં. નાની બાળાઓએ દેશભક્તિના સૂત્રોચ્ચાર પણ કરાવ્યા હતા.

# એસ. કે. પટેલ ઈંગ્લિશ મિડીયમ કેજી સ્કૂલમાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી



એસ. કે . પટેલ ઈંગ્લિશ મીડિયમ કે .જી. સ્કૂલમાં સ્વાતંત્ર્ય દિન ની ઉજવણી ના ભાગરૂપે શનિવારે 'નેશનલ લીડર ડે' અને 'વ્હાઈટ ડે' ઉજવવામાં આવ્યો હતો. અમુક બાળકો એ ગાંધીજી, ભગતસિંહ, રાની લક્ષ્મીભાઈ, જવાહરલાલ નેહરૂ, લાલા લજપત રાય, શુભાષ ચંદ્ર બોઝ , ઈન્દિરા ગાંધી વગેરે વેશભૂષામાં સજ્જ થઈને અને અન્ય બાળકોએ સફેદ રંગ ના ડ્રેસ પહેરી ને અનોખા અંદાજમાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરી હતી. શિક્ષકોએ બાળકોને સ્વતંત્રતાનો ઈતિહાસ કહી સ્વાતંત્ર્ય દિવસનું મહત્વ સમજાવ્યું હતું . આ કાર્યક્રમ ને સફળ બનાવવામાં શિક્ષકો અને વાલી મિત્રોનો સિંહ ફાળો રહ્યો હતો .

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
રૂસ્તમ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫
**સ્ક્રીન-૨**
મોહેંજો દરો
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫
**સ્ક્રીન-૩**
રૂસ્તમ
૨.૧૫, ૮.૩૦
મોહેંજો દરો
૧૧.૧૫, ૫.૧૫
**સ્ક્રીન-૪**
મોહેંજો દરો
સવારે ૧૦.૦૦
ઢીશૂમ
૩.૪૫, ૧૦.૦૦
**સ્ક્રીન-૫**
મોહેંજો દરો
૨.૩૦, ૮.૩૦
રૂસ્તમ
૧૧.૦૦, ૫.૩૦

### વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં

# વિદ્યાર્થી પ્રતિનિધિઓની નિમણૂંક

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણમાં શનિવારે સ્ટુડન્ટ લીડર્સની નિમણૂંક માટે ઈન્વેસ્ટીચર્સ સેરીમની ઉજવવામાં આવી હતી. સ્ટુડન્ટ લીડર્સે આ સમારંભની શરૂઆત સુંદર માર્ચપાસ્ટથી કરી હતી. ત્યારબાદ સમારોહના મુખ્ય મહેમાન, ટ્રસ્ટીઓ, પ્રિન્સિપાલ તથા શિક્ષકગણે સ્ટુડન્ટ લીડર્સને બેઝીસ પહેરાવીને શાળામાં શિસ્ત જળવાઈ રહે તે માટેની જવાબદારી સોંપી હતી તથા એ માટે સ્ટુડન્ટ લીડર્સને સોગંદ પણ લેવડાવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સ્કૂલના વિદ્યાર્થી નકુલ ખંડેલવાલ તથા કુસુમ દ્વારા સુંદર રીતે કરવામાં આવ્યું હતું.



# વૉટ્સએપ પર ચાલતા 'શ્રીશબ્દ સાયમિક'માં ૧૫મી ઑગષ્ટથી નવલકથા આરંભાશે

ગાંધીનગર, તા. ૧૩

ત્રણ મિત્રોએ સાહિત્ય તરફના અમારા લગાવ અને શોખને કારણે વ્હોટ્સએપ પર એક નવું મેગેઝીન શરૂ કરેલ છે જેનું નામ છે 'શ્રીશબ્દ સામયિક'.

ગુજરાતી ભાષા અને સાહિત્ય અંગે પોતાની જવાબદારી સમજીને વાચકમિત્રોને ભુલાતા જતા સાહિત્યની સાથે નવું વાંચન પીરસવાના ઉદ્દેશ માત્ર સાથે આ સામયિક શરૂ કરવામાં આવ્યું છે. વ્હોટ્સએપ આજકાલ નાનામોટાં સૌ લોકો માટે હાથવગુ સાધન છે. આજના આધુનિક જગતમાં લોકો વાંચવા માટે ખૂબ ઓછો સમય ફાળવી શકે છે તેથી જ વ્હોટ્સએપ પર આ મેગેઝીન શરૂ કરવા પાછળનો મુખ્ય હેતુ એ રહ્યો છે કે વાચકમિત્રો પોતાના સમયે વાંચન કરી શકે અને ગમતા સાહિત્યનો મિત્રોમાં ફેલાવો કરી શકે. પહેલી માર્ચ, ૨૦૧૬ના રોજ શરૂ થયેલા આ સામયિકમાં હાલમાં ૧૩૫૦ જેટલા વાચકો જોડાયેલા છે. દર મહિનાની પહેલી અને પંદરમી તારીખે માત્ર વ્હોટ્સએપ પર જ ઈમેજ રૂપે મૂકવામાં આવતાં આ મેગેઝીનમાં પ્રાર્થના, બાળગીત, ગુજરાતી લોકગીત, ટૂંકી વાર્તા, ગઝલ, અછાંદસ કવિતા, લેખક પરિચય, પુસ્તક પરિચય, પ્રેમનો કલરવ, જીવનની ફિલોસોફી, પ્રેરક પ્રસંગ જેવા મહત્વના વિભાગો આવરી લેવાયા છે. દરેક અંકમાં વાચકમિત્રોને નવીન વાંચન પીરસવામાં આવે છે.

આ સામયિક દ્વારા ગુજરાતી સાહિત્યનો જૂનો વારસો આજની પેઢીને મળે તે માટે કેટલાક વિભાગોમાં જૂનું ભુલાતું જતું સાહિત્ય મૂકવામાં આવે છે અને નવી પેઢી પણ લખતી થાય એ હેતુસર કેટલાક વિભાગોમાં નવા લેખકની કલમને સ્થાન આપવાનો પ્રયાસ કરવામાં આવે છે. તા ૧૫ ઓગષ્ટના રોજ સામયિકને છ મહિના પૂરા થવાની ખુશીમાં ગુજરાતી ભાષાના જાણીતા વાર્તાકાર અને લેખિકા નીલમબેન દોશીની એક ખૂબ જાણીતી નવલકથા 'ખંડિત મૂર્તિ' વાચકો સમક્ષ હપ્તે-હપ્તે પીરસવાનું શરૂ કરવામાં આવનાર છે, એમ ધવલ સોની, મેહુલ સોની અને ધ્રૃવ દવે દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.



એમ બી પટેલ પ્રાથમિક શાળામાં વેશભૂષા અને એકપાત્રીય અભિનય સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધા માટે 'દેશભક્તિ' અને 'ઐતિહાસિક પાત્રો' જેવા વિષયો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન મદદનીશ શિક્ષક પિંકલબેને આચાર્ય નીરુબેન પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ માયાબેન ભાનુભાઈ દવેએ પોતાના જન્મદિવસની ઉજવણી એ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ સાથે કરી હતી, જ્યાં શ્રમિક વર્ગનાં બાળકો અભ્યાસ કરે છે. બાળકોને લંચ બૉક્સ, ચૉકલેટ ઈત્યાદિનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સ્થાનિક કૉર્પોરેટર અને ગાંધીનગર મહાનગરપાલિકા સ્ટેન્ડિંગ કમિટીના ચૅરમૅન મનુભાઈ પટેલ, નરેશભાઈ પરમાર, પ્રવીણાબેન વોરા ઉપસ્થિત રહ્યાં હતાં.



# 'સ્પાર્કસ' ઈન્ટરસ્કૂલ સ્પર્ધાએ શિક્ષણ જગતને એક નવી દિશા દેખાડી

માઉન્ટ કાર્મેલ શાળા ખાતે યોજાયેલ 'સ્પાર્કસ-૨૦૧૬'ની... ત્રિ-દિવસીય આંતરશાળા સ્પર્ધાઓનો મહોત્સવ ગાંધીનગરના શિક્ષણ જગતને એક નવી દિશા બતાવી ગયો. ૨૦૧૫-૧૬ ની કાર્મેલ શાળાની બેચના વિદ્યાર્થીઓ દ્વારા પોતાની શિક્ષણ સંસ્થાને 'સલામ' પાઠવવાની આ રીત નવી પેઢીને દિશા દેખાડનારી બની રહી.

પ્રથમ દિવસે અંતાક્ષરીની સ્પર્ધાની શરૂઆત કૃષ્ણકાન્ત જહા દ્વારા દીપ પ્રાગટ્યથી કરાઈ. મહોત્સવની શરૂઆત થઈ.

ટીમ લીડર અને ભૂતપૂર્વ સ્કૂલ લીડર મહર્ષિ રાવલ દ્વારા આત્મવિશ્વાર્સભર્યું સંચાલન અને પ્રેક્ષકોને કુનેહપુર્વક સાંકળી રાખવાની સ્ટાઈલ સાથે રમત આગળ વધતી ગઈ. સંચાલનમાં તેમને સરસ સાથ આપ્યો આર્યા પંડિતે...

ભાગ લેનાર શાળાઓ ચાર-ચારના સમૂહમાં વહેંચાઈ. દરેક રાઉન્ડમાંથી એક એવી પાંચ વિજેતા ટીમનો ફાઈનલ રાઉન્ડ રમાયો... ખૂબજ રોમાંચક એવા આ રાઉન્ડને પણ વિદ્યાર્થીઓ-પ્રેક્ષકોએ ખૂબ માણ્યો અને પ્રતિભાવ આપ્યો... અગત્યની વાત એ હતી કે સ્કોરર તરીકે પણ આ જ ટીમના તેજસ્વી વિદ્યાર્થીઓ વંદન પટેલ, પ્રિયમ પટેલ અને રુચિ પટેલે સુંદર કામગીરી કરી. ગિટાર પર સાગર સોલંકી અને ચિંતન પારેખે તબલા પર સૂર-તાલનો તાલમેલ સાચવ્યો. તજ્જ્ઞ તરીકે શ્રીમતી આરતી ભટ્ટની ભૂમિકા મહત્વની બની રહી...

'ગાંધીનગર કા ડ્રામેબાઝ'ના ટાઈટલ સાથે એકપાત્રીય અભિનયની સ્પર્ધા માટે પણ સમગ્ર વાતાવરણમાં કૂતૂહલતા હતી... નિર્ણાયક કુંતલ નિમાવત અને હસમુખ મેકવાન પોતે પણ ઉત્સાહિત હતા... એક પછી એક પાત્રો ભજવાતાં ગયાં ... પાત્રોની રજૂઆતમાંથી ક્યારેક આશા, ક્યારેક માયુસી... ક્યારેક રમૂજ તો ક્યારેક આક્રોશની લહેર વાતાવરણમાં વહેતી રહી...

વચ્ચે-વચ્ચે પૂર્વ વિદ્યાર્થીઓ પુનિત-રોનાલ્ડની જોડીની સરસ મનોરંજક રજૂઆતથી વાતાવરણને વધુ સભરતા મળી. અભિનયની દુનિયામાં ડગ માંડવા ઈચ્છતા આ સિતારાઓના અભિનયથી વાતાવરણમાં એક ગાંભીર્ય ઉમેરાયું. એ વધુ શ્રેષ્ઠ-ઉચ્ચ બન્યું લાયન્સ કલબના કવૅસ્ટ ઓપનિંગમાં ચેરમેન નીરજા ગુપ્તાના સરળ અને સુંદર વક્તવ્યથી... ભવન્સ કૉલેજ, અમદાવાદના પ્રિન્સીપાલ તરીકે ફરજ નિભાવતાં નીરજાએ ખૂબ સહજ રીતે કેટલીક માર્મિક બાબતો દ્વારા વિદ્યાર્થીઓને ટકોર્યા અને માર્ગદર્શન આપ્યું ત્યારે પણ શાળાના વિદ્યાર્થીઓનો શિસ્તબધ્ધ માહોલ ધ્યાન આકર્ષે તેવો હતો. શાળાના આચાર્ય, મેનેજર અને કલબના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં તરૂણવયના બાળકોની માનસિક મૂંઝવણો અને વિકાસમાં મદદરૂપ થતી લાયન્સ ઈન્ટરનેશનલની આ ઉત્તમ પ્રવૃત્તિ 'કવૅસ્ટ' નો શાળા ખાતે વિધિવત્ પ્રારંભ કરવામાં આવ્યો.

ત્રીજા દિવસે નિસ્સાન મોટર્સની નવી લોન્ચ થયેલી કાર પાસે જ્યારે રંગીન વસ્ત્રોમાં સજ્જ ટીમો ફોટોગ્રાફ્સ પડાવતી હતી ત્યારનું વાતાવરણ કૉલેજના ફેસ્ટીવ માહોલની ઝાંખી કરાવતું હતું. પ્રાર્થનાથી 'સ્પાર્કસ-૨૦૧૬' ના છેલ્લા દિવસની સ્પર્ધા 'ડાન્સીંગ સુપરસ્ટાર્સ' નો આરંભ થયો.

સમગ્ર સ્પર્ધા બે કેટેગરીમાં વિભાજિત હતી. ફૉક ડાન્સ અને વેસ્ટર્ન ડાન્સ... દિલ્હી પબ્લિક સ્કૂલ દ્વારા વેસ્ટર્ન ડાન્સની પ્રથમ કૃતિથી કાર્યક્રમની શરૂઆત થઈ... પ્રેક્ષકોમાં વિદ્યાર્થીઓ અને મહેમાનોની મોટી સંખ્યામાં હાજરી- લાયન્સ ૩૨૩-બી ના સર્વોચ્ચ અધિકારી ડિસ્ટ્રીક્ટ ગવર્નર યોગેશ દવેનું આગમન અને સંબોધન કલબના સભ્યો ઉપરાંત શાળા પરિવાર માટે ગૌરવની લાગણી પ્રદાનકર્તા રહ્યું. બંગાળી ડાન્સ, મહારાષ્ટ્રીયન ડાન્સ, ટીપ્પણી, રાજસ્થાની નૃત્ય, બેડા ડાન્સ, કાલબેલીયા જેવી અનેક રજૂઆતથી કાર્યક્રમનું સ્તર રાજ્યસ્તરની સ્પર્ધા જેવું ઊચકાયું... સ્પર્ધાના જજની કપરી કામગીરી નીભાવતા હેમા ભટ્ટ, જીગર ત્રિવેદી અને હિરેન ભટ્ટ પણ રજૂઆતોથી અત્યંત પ્રભાવિતતાની લાગણી અનુભવતા હતા.

કાર્યક્રમની પરાકાષ્ટાની ક્ષણો ત્યારે હતી જ્યારે હાથમાં દીપ સાથે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની ટીમના તમામ સભ્યો સ્ટેજ પર ઉપસ્થિત થયા અને માસ્ટર મહર્ષિ રાવલે પ્રેક્ષકોમાં હાજર સૌને હૃદય પર હાથ રાખી સારા નાગરિક અને સારા માણસ બનવાના શપથ લેવડાવ્યા. ત્યારબાદ પદ્ય સ્વરૂપે શંખનાદ અને પ્રભુસ્મરણથી શપથની સમાપ્તિ થઈ.

મોટી સંખ્યામાં ઉપસ્થિત લાયન્સ-લાયોનેસ-લીયો કલબના સહુ સભ્યો દ્વારા ભાગ લેનાર સહુને પાર્ટીસીપેશન સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યા. ત્રણેય પાંખના પ્રમુખોની ઉપસ્થિતિ નોંધનીય રહી. સમગ્ર કાર્યક્રમથી અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની મહેનતથી ભાવવિભોર થયેલા કાર્મેલ શાળાના પ્રિન્સિપાલ સીસ્ટર રેણુકાએ કાર્યક્રમ અને આયોજનને ભરપૂર વખાણતા ભાગ લેનાર સહુ શાળાઓનો આભાર માન્યો હતો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની સમગ્ર ટીમને મેમેન્ટો આપી સન્માનિત કરી હતી.

કાર્યક્રમના આખરી તબામાં જજીસ હિરેન ભટ્ટ, જીગર ત્રિવેદી અને હેમા ભટ્ટે વિદ્યાર્થીઓને કૃતિઓની પસંદગી અને રજૂઆત બાબતે સારા-જરૂરી સૂચનો કર્યાં હતાં અને કાર્યક્રમને વખાણ્યો હતો. ફૉક ડાન્સ કેટેગરીમાં ચૈતન્ય સ્કૂલે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું જ્યારે પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ અને દિલ્હી પબ્લિક સ્કૂલ અનુક્રમે દ્વિતીય અને તૃતીય આવી હતી.

વેસ્ટર્ન ડાન્સ કેટેગરીમાં દિલ્હી પબ્લિક સ્કૂલને પ્રથમ સ્થાન મળ્યું હતું. જ્યારે ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તૃતીય સ્થાન માઉન્ટ કાર્મેલ અને સેકટર-૨૪ ની સરકારી શાળાને સંયુક્ત રીતે અપાયું હતું.

એક ગજબ ઊર્જાભર્યા માહોલમાં 'સ્પાર્કસ-૨૦૧૬'નું સમાપન થયું... પરતું ત્યાં હાજર સહુ પોતે એ ઊર્જાને હૃદયસ્થ કરી સાથે લઈ ગયા... સ્મૃતિ રૂપે 'સ્પાર્કસ-૨૦૧૬'ની ભવ્ય ક્ષણો ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને શાળા પરિવાર માટે ખજાનો બની રહેશે એમાં બેમત નથી.

